## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



તમે ભલે કોરોના વોરીયર રહ્યા.. પણ ચ્હાના પૈસા તો દેવા પડે...!!

# મહિલા સેકશન અધિકારી સાથે ૨૬.૨૫ લાખની છેતરપિંડી આચરનાર ડ્રાઈવર ઝડપાયો

## અડાલજ પોલીસે મુંબઈ જોગેશ્વરી વિસ્તારમાંથી ડ્રાઈવરને દબોચી લીધો

ગાંધીનગર,તા.૩૦

સચિવાલયમાં ફરજ બજાવતા મહિલા ડે.સેકશન અધિકારી સાથે છેતરપિંડી આચરનાર ડ્રાઈવરને પોલીસે મુંબઈ થી દબોચી લીધો છે. હજીરા પોર્ટ ખાતે ગાડી ભાડા પેટે મુકીને રોજના ૩૮૦૦ આપવાના લાલચ આપી મહિલા અધિકારી પાસેથી રૂ.૨૬.૨૫ લાખની ૪ ગાડી લઈ વલસાડનો શખ્સ ફરાર થઈ ગયો હતો. આ અંગેની ફરીયાદ અડાલજ પોલીસ મથકે નોંધાતા પોલીસે ભેજાબાજ શખ્સને મુંબઈ થી પકડી પાડી ચાર ગાડીઓ પણ કબ્જે કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ વિસ્તારમાં હરી આલયમ ફલેટ નં.૫૦૧ ખાતે રિધ્ધી રતનસિંહ ગઢવી પોતાના પરિવાર સાથે રહે છે અને સચિવાલય ખાતે ડેપ્યુટી સેકશન અધિકારી તરીકે ફરજ બજાવે છે. અધિકારીના પરિવારજનોને ફરવા માટે જવાનું હોવાથી ત્રણ વર્ષ પહેલા અમદાવાદની યુગ ડ્રાઈવર સર્વિસમાં ફોન કરીને ડ્રાઈવર સંજય નટવરભાઈ પટેલ (રહે.બી.૧૦૧ વૃંદાવન પાર્ક તક્ષશિલા પાસે વાપી વલસાડ)ને બોલાવ્યો હતો. સંજયનું ડ્રાઈવીંગ વ્યવસ્થિત હોવાથી અવારનવાર સંજયને બોલાવતા હતા. ડ્રાઈવર તરીકે સંજય આવતો હોવાથી મહિલા અધિકારી સાથે ઓળખાણ થઈ ગઈ હતી. જેથી સંજયે વર્ષ ૨૦૨૦માં નોકરીમાં વધુ કમાણી થતી નથી, જો તમે મને ગાડીઓ ભાડે આપો તો તેને હજીરા પોર્ટ પર ભાડે મુકીશુ તો સારા એવા પૈસા મળશે. જેને પગલે મહિલા અધિકારીએ પોતાના ઓળખીતા ભરત દેસાઈની સ્વીફટ કાર, કનુભાઈ સોલંકીની બલેનો કાર, બાબુભાઈ જાદવની રેનોલ્ટ કાર તેમજ નિકિન પટેલની ઈનોવા કાર સંજયને હજીરા પોર્ટ ખાતે ભાડે મુકવા માટે આપી હતી.સંજય પટેલે ત્રણ કાર પેટે રૂ.૧૮૦૦ તેમજ ઈનોવા કારના રોજના રૂ.૨ હજાર નક્કી કર્યા હતા.જયારે બીજીબાજુ મહિલા અધિકારી સંજયને ઓળખતા હોવાથી કોઈ લખાણ લીધુ ન હતું. જયારે સંજયે તા.૪.૨.૨૧ ના રોજ રૂ.૪૯.૫૦૦ તેમજ તા.૪.૩.૨૧ ના રોજ રૂ.૨૦ હજાર ચુકવ્યા હતા. પરંતુ આ રકમ નક્કી થયા કરતા ખુબ ઓછી હતી.મહિલા અધિકારીએ ગાડીઓ પરત માંગતા તેણે તા.૧૫-૫-૨૧ ના રોજ ફોન કરીને કહ્યુ કે ગાડીઓ તેમજ બાકીનો હિસાબ આપી જશે. ત્યારપછી થી સંજય પટેલે પોતાનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. જેથી મહિલા અધિકારીને શંકા જતા હજીરા પોર્ટ ખાતે તપાસ કરતા ખબર પડી કે આ નંબરવાળી એકપણ ગાડી ભાડે મુકવામાં આવી ન હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ સંજયના ઘરે તપાસ કરતા તેની પત્ની અંજના અને દિકરા દેવેને જણાવ્યું હતું કે સંજય મુંબઈ જતો રહ્યો છે અને ગાડીઓ વિશે કાંઈ ખબર નથી. આખરે મહિલા અધિકારીને પોતે છેતરાયાનો અહેસાસ થયો હતો.





આ બનાવ અંગે અડાલજ પોલીસ મથકના પીઆઈ જે.એચ.સિંઘવ દ્વારા પીએસઆઈ વી.બી.પરમાર અને એએસઆઈ નિલેશ પ્રજાપતિને ફરાર આરોપી સંજય પટેલને પકડી પાડવા માટે સુચના આપી હતી. જેથી પોલીસ ટીમ દ્વારા સંજય પટેલના ઘર બી.૧૦૧ વૃંદાવન પાર્ક, તક્ષશિલા પાસે વાપી વલસાડ ખાતે તપાસ હાથ ધરી હતી. જયારે સંજયની પત્નીએ જણાવ્યું હતું કે સંજય મુંબઈ જવાનું કહીને નીકળી ગયો છે. જેને પગલે પોલીસે મુંબઈ સુધી તપાસ આગળ વધારી હતી. તે દરમિયાન સર્વેલન્સની ટીમને આધારે જાણવા મળ્યું કે સંજય પટેલ મુંબઈના જોગેશ્વરી વિસ્તારમાં રહે છે. જેથી અડાલજ પોલીસની ટીમ મુંબઈ ખાતે પહોંચી જઈને સંજય પટેલની ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી બેલેનો કાર નં. જી.જે.૩૨.બી.-૫૬૧૨, રેનોલ્ડ કવીડ કાર નં. જી.જે.૩૨.બી. ૧૨૯૦, સ્વીફટકાર નં.જી.જે.૦૨. બી. એચ.-૫૮૩૨ અને ઈનોવા ગાડી નં. જી.જે.૦૧.આર.એમ.-૦૫૦૫ કબ્જે કરી આરોપીને જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો. ત્યારે છેતરપિંડીનો ભોગ બનેલા મહિલા અધિકારીને રૂ.૨૬.૨૫ લાખની ચારેય કાર પરત મળી જતા રાહતનો શ્વાસ લીધો હતો.

## ખૂણેખાંચરેથી

- સચિવાલયમાંથી આજે ૨૭ જેટલા કર્મયોગીઓ વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.
- ગાંધીનગર મનપાના ત્રણ કર્મયોગી રતિભાઈ, સોલંકીભાઈ તથા કમિશનરની ગાડીના સારથી ગનીભાઈ મન્સુરી આજે વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થતાં કમિશનરના અધ્યક્ષપદે આ કર્મયોગીઓને વિદાય અપાઈ હતી અને નિવૃત્ત જીવનની શુભકામનાઓ અપાઈ હતી.
- ગાંધીનગર તાલુકા પંચાયતના એક વિસ્તરણ અધિકારી અને એક તલાટી કમ મંત્રી સેવા નિવૃત્ત થતાં તેમને વિદાય આપવામાં આવી હતી.
- રાજ્યની મેસુલી સેવામાંથી આજે ૧૭ જેટલા મામલતદાર સંવર્ગના અધિકારીઓ વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.
- ગુડાના ચેરમેન તરીકે વરાયેલા ડૉ. ધવલ પટેલે આજે ગુડાની વિવિધ શાખાઓની કામગીરી અંગે સમીક્ષા કરી હતી.
- સર્વિસ રોડના નિર્માણકાર્ય દરમ્યાન ગાંધીનગર જિલ્લા પંચાયતના જી.સ્વાનનું વાયરીંગ કપાઈ જતાં જી.સ્વાન સેવાઓ વિના પંચાયતની કોમ્પ્યુટર અને ફોન સેવાઓ ઠપ્પ થઈ ગઈ છે.
- ગાંધીનગર જિલ્લા કોંગ્રેસની કારોબારી સમિતિની બેઠક આજે માણસા તાલુકાના જામળા ખાતે આવેલ આસુદેવ મહાદેવના પરિસરમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે મળી હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં મહિલા બાળ વિકાસ સમિતિની બેઠક મળી હતી. જે ગણતરીની મિનિટોમાં જ સંપન્ન થઈ હતી.

# શહેરમાંથી સીએનજી રીક્ષાની ચોરી કરનાર સગીર ઝડપાયો

ગાંધીનગર, તા.૩૦

એક માસના ટુંકા ગાળામાં ગાંધીનગરમાંથી બે સીએનજી રીક્ષાની ચોરી થઈ હતી. રીક્ષા ચોરને પકડી પાડવા માટે પોલીસ કાર્યરત થઈ ગઈ હતી. ત્યારે રીક્ષા ચોરી કરનાર સગીરને સેકટર-૭ ખાતેથી એલસીબી ટીમે પકડી પાડ્યો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ભરચક વિસ્તાર સિવિલ કેમ્પસ તેમજ મહાનગર પાલિકા કચેરી ખાતે પાર્કિંગમાંથી ચોરીની ઘટના સામે આવી હતી. વાહન ચોરને પકડી પાડવા માટે સેકટર-૭ પોલીસની સાથે એલસીબીની ટીમ પણ કામગીરીમાં જોડાઈ ગઈ હતી. એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ ડી.એસ. રાઓલ તેમજ સ્ટાફના કર્મચારીઓ વાહનચોરીનો ભેદ ઉકેલવા માટે કમરકસી રહ્યા હતા. તે સમયે પોલીસને બાતમી મળી હતી કે એક શખ્સ ચોરીની રીક્ષા સાથે સેકટર-૭ સ્થિત શાકમાર્કેટ વિસ્તારમાં ઘુમી રહ્યો છે. જેથી પોલીસે વોચ ગોઠવી રીક્ષા સાથે એક શખ્સને પકડી પાડ્યો હતો. પોલીસ દ્વારા કરવામાં આવેલી પુછપરછમાં રીક્ષા ચોરી કરનાર શખ્સ બાળ કિશોર હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે તેની ઉંડાણપૂર્વક તપાસ કરતા બાળ કિશોર દસેક દિવસ અગાઉ સેકટર-૧૧ મહાનગર સેવા સદન કચેરી તેમજ બીજી રીક્ષા વીસ દિવસ અગાઉ સિવિલ કેમ્પસમાંથી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.જયારે એક રીક્ષા થોડા સમય સુધી ફેરવ્યા પછી સે-૧૧ ગ્રાઉન્ડ ખાતે બિનવારસી હાલતમાં રીક્ષા મુકી દીધી હોવાની કબુલાત કરતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# માહિતી ખાતાના વર્ગ-૩ કર્મચારી મંડળના પ્રમુખપદે દિનેશ ચૌહાણ

## મહામંત્રી તરીકે કે.સી. કણઝરીયાની સર્વાનુમતે વરણી

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત રાજ્ય માહિતી ખાતા કર્મચારી મંડળની કારોબારીની મીટીંગ યોજાઈ હતી. જેમાં ૨૧-૨૨ના વર્ષ માટે દિનેશ ચૌહાણની પ્રમુખ તરીકે, કે.સી. કણઝરીયાની મહામંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ગાંધીનગર ખાતે મળેલ સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષ માટે હોદ્દેદારો તથા કારોબારીની રચના કરવામાં આવી છે. જેમાં ઉપપ્રમુખ તરીકે સર્વ એન.પી. કક્કડ, દેવાંગ મેવાડા, કિરીટ બેન્કર, જી.એસ. ઠાકોર અને પી.પી. સોરઠીયા અને સહમંત્રી તરીકે પ્રવિણ આર. બારોટ, ખજાનચી તરીકે ભરત ગાંગાણીની નિમણૂંક કરવામાં આવી છે. સંગઠન મંત્રી તરીકે સર્વ પી.એચ. ચૌધરી (વડી કચેરી),





બી.ટી. હુમર (સૌરાષ્ટ્ર ઝોન), યજ્ઞેશ પંડ્યા (મધ્ય ઝોન), નરેશ પટેલ (દક્ષિણ ઝોન) અને સુરેશ રાવળ (ઉત્તર ઝોન)ની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી છે.

કારોબારી સભ્યોમાં સર્વ એલ.એમ. રાઠોડ, શૈલેષ ગોહિલ, જયેશ પુરોહિત, સંજયસિંહ ચાવડા, એચ.વી. ગોહિલ, વિપુલ ચૌહાણ, આર.એ. ડેલા, પરિમલ પટેલ, અક્ષય દેસાઈ, સંજય રાજ્યગુરૂ, સંજય પટેલ, મહેશ પટેલ, રાજેન્દ્રસિંહ જાડેજા, શ્રીમતી શિરીન સૈયદ અને શ્રીમતી ફોરમબેન રાઠોડની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને ઉચ્ચ શિક્ષણ વિષય પર રાષ્ટ્રીયસ્તરનો વેબીનાર યોજાયો

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલના એન.એસ. એસ. યુનિટ દ્વારા સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શનમાં ઉત્સાહી પ્રોગ્રામ ઓફિસર્સ ડો. મોતીભાઈ દેવું અને ડો. દિવ્યેશ ભટ્ટ દ્વારા શિક્ષણ અને સમાજ ઉપયોગી વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું અવારનવાર આયોજન થતું રહે છે. કેન્દ્ર સરકારના આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવણી કાર્યક્રમ અંતર્ગત નવી શિક્ષણ નીતિ અને ઉચ્ચ શિક્ષણ વિષય પર રાષ્ટ્રીયસ્તરનો વેબીનાર તા. ૩૦-૬-૨૧ બુધવારના રોજ યોજાયો. કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન ગૂજરાત વિદ્યાપીઠના નવનિયુક્ત કુલનાયક અને પ્રખર ગાંધીજન ડો. રાજેન્દ્ર ખીમાણીએ શોભાવ્યું હતું. તેમના વક્તવ્યમાં તેમને ઉચ્ચ શિક્ષણમાં ત્રણ "H"- હેડ, હાર્ટ અને હેન્ડનો સમાવેશ થાય જે ગાંધી વિચાર મુજબ ભારતીય ગ્રામ્ય જીવનને સમજતો યુવા વર્ગ તૈયાર કરી શકશે. અને સાચું શિક્ષણ શ્રમના ગૌરવમાં છે તથા શિક્ષણ નીતિની સફળતા નાગરીકોમાં સાર્થકતા કેળવાય તેમાં રહેલી છે તેવી વાત મૂકી હતી. રાષ્ટ્રીય સેવા યોજનાના સંયોજક ડો અરૂણ ગાંધીએ પ્રાસંગિક વકતવ્યમાં ગૂજરાત વિદ્યાપીઠના ધ્યેયો ટાંકીને નવી શિક્ષણ નીતિમાં ગાંધી વિચારનું જ પ્રતિબિંબ ઉપસે છે તેમ કહ્યું હતું અને પ્રા. રમેશભાઈએ ઉમળકાથી વક્તાઓનો પરિચય આપી સૌને આવકાર્યા હતા. મુખ્ય વક્તા ડો. જગદીશ જોશી અને ડો. ભરત જોશીએ પણ મનનીય પ્રવચનોમાં નવી શિક્ષણ નીતિ દ્વારા અપેક્ષિત અને સંભવિત બદલાવો, નવીન લક્ષ્યો અને પડકારો વિષે વાત મુકાઈ હતી. ડો. જગદીશ જોશીએ નવી રાષ્ટ્રીય શિક્ષા નીતિમાં માળખાકીય ફેરફારોની વાત મૂકી સફળ કરવામાં શિક્ષકોની ભૂમિકા વિષે વાત કરી હતી.

# ગાંધીનગરમાં આમ આદમી પાર્ટીમાં વધી રહેલો 'પાટીદાર' પાવર

## જિલ્લાના ચારેય તાલુકામાંથી મોટી સંખ્યામાં પાટીદાર અગ્રણીઓ સહિત વિવિધ રાજકીય અગ્રણીઓ આપમાં જોડાયાં

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર ખાતે આમ આદમી પાર્ટી ધીરે ધીરે પોતાનું સંગઠન મજબૂત કરી રહી છે. આજે ગાંધીનગર જિલ્લામાં ચારેય



તાલુકામાંથી મોટી સંખ્યામાં પાટીદાર આગેવાનો સહિતના રાજકીય આગેવાનો આમ આદમી પાર્ટી સાથે જોડાયા હતા. આપમાં વધી રહેલા પાટીદાર પાવરને પગલે આગામી સમયમાં જિલ્લાના રાજકારણમાં સમીકરણો બદલાઈ શકે તેમ છે.

આજે આમ આદમી પાર્ટીમાં જોડાયેલા અગ્રણીઓમાં સમસ્ત ૨૫ ગામ કડવા પાટીદાર સમાજના પ્રમુખ તથા માણસાના વેદમાતા ગાયત્રી મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી કુડાસણના કલ્પેશ કિશોરભાઈ પટેલ, શહેરના અગ્રણી વેપારી તથા ગાંધીનગરના સમસ્ત બ્રહ્મસમાજના સંગઠન મંત્રી રાજેશકુમાર કાંતિલાલ ભટ્ટ, પ્રગતિ ફાઉન્ડેશનના વાઈસ ચેરમેન જે.ડી. પટેલ, બિલ્ડર તથા યુવા સામાજિક કાર્યકર પાર્થ જશુભાઈ પટેલ, અગ્રણી ઉદ્યોગપતિ તથા ગેઝિયાના પુર્વ ચેરમેન અમૃતભાઈ પટેલ સહિત વિવિધ અગ્રણીઓનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના અમદાવાદ ઝોનના સંગઠન મંત્રી હસમુખ પટેલ, ગાંધીનગર જિલ્લા પ્રમુખ મુકેશભાઈ પટેલ, મહામંત્રી રણવીર સિંહ, ઉપપ્રમુખ સુનીલભાઈ પટેલ તથા સુરેશભાઈ પટેલ, જિલ્લા યુવા પ્રમુખ વિશ્વજીત દેસાઈ, શહેર પ્રમુખ જીતેન્દ્ર ધરવાડીયા, શહેર યુવા પ્રમુખ મુકેશ ચૌધરી સહિત જિલ્લાના આમ આદમી પાર્ટીના અગ્રણીઓ તથા કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# ગાંધીનગર જિલ્લાની વાર્ષિક ઋણ યોજના ૨૦૨૧-૨૨ની પુસ્તિકાનું વિમોચન કરાયુ

ગાંધીનગર જિલ્લાની વાર્ષિક ઋણ યોજના (Annual Credit Plan) ૨૦૨૧-૨૨ની પુસ્તિકાનું આજરોજ ગાંધીનગર જિલ્લા કલેકટર ર્ડા. કુલદીપ આર્યના હસ્તે કલેકટર કચેરી ખાતે વિમોચન કરવામાં આવ્યું હતું.

એલ.ડી.એમ., ગાંધીનગર દ્વારા બેઠકમાં વાર્ષિક ઋણ યોજના ક્ષેત્રવાર નિર્ધારિત કરેલ લક્ષ્યોની માહિતી આપતા જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ગાંધીનગર જિલ્લાની વાર્ષિક ઋણ યોજના અંતર્ગત કુલ રૂ. ૪૨૫૩ કરોડની લોન વિતરણનું લક્ષ્ય નક્કી કરાયું છે. જેમાંથી ૫૯ ટકા એટલે કે રૂ. ૨૪૯૬ કરોડ કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો, ૧૮ ટકા એટલે રૂ ૭૭૪ કરોડ ઉદ્યોગ અને ગ્રામીણ વિકાસ ક્ષેત્ર માટે અને ૨૩ ટકા એટલે કે ૯૮૩ કરોડ રૂપિયા કૃષિ સિવાયના ક્ષેત્રો માટે ફાળવવામાં આવ્યા છે. બેંક ઓફ બરોડાના ડી.આર.એસ. બલદેવ પટેલ, એસ.બી.આઈ.ના મુખ્ય પ્રબન્ધક હિતેષ કે. દાવડા, નાબાર્ડના ડી.ડી.એમ. મહેન્દ્ર ડૂડી, જિલ્લા કૃષિ અધિકારી ડી.પી. જાદવ સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# યુરો કપ-૨૦૨૦ના પગલે ગાંધીનગરના કિશોરો-યુવાઓમાં ફૂટબોલનો ભારે ક્રેઝ

## મોડી રાત્રે પ્રસારિત થતી યુરો કપની મેચો નિહાળવા યુવાનો ઉજાગરા કરી રહ્યા છે : પોતાના ફેવરિટ ખેલાડી અથવા ટીમને સપોર્ટ કરવા સોશિયલ મીડિયા પર સ્ટેટ સ્ટોરી અપલોડ કરતા યુવાનો

ગાંધીનગર તા.૩૦

ગાંધીનગરના કિશોરો તથા યુવાઓમાં અત્યારે યુરો કપ - ૨૦૨૦ને અનુલક્ષીને ફૂટબોલનો ભારે ક્રેઝ પ્રવર્તી રહેલો જોવા મળી રહ્યો છે જેને પગલે શહેરના કિશોરો તથા યુવાનો યુરો કપની ફૂટબૉલ મૅચ જોવા માટે રાતના ઉજાગરા પણ કરી રહ્યાં છે. આ ટૂર્નામેન્ટ સાથે જ શહેરના યુવાનોમાં પ્રિય યુરો કપના સ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો, એમિલ ફોર્સબર્ગ, પેટ્રિક સ્ચિક, કરીમ બેન્ઝેમા જેવા ખેલાડીઓ સાથે પોર્ટુગલ, ઈટાલી, બેલ્જિયમ, ફ્રાન્સ, જર્મની અને સ્પેન જેવી ટીમો પણ હોટફેવરીટ જોવા મળી રહી છે.

યુરો કપ-૨૦૨૦ જેમ જેમ આગળ વધી રહ્યો છે તેમ તેમ શહેરના યુવાનોમાં તેની રોમાંચક મેચો જોવાનો ક્રેઝ વધી રહ્યો છે. આ મૅચો જોવા માટે શહેરના કિશોરો તથા યુવાનો મોડી રાતના ઉજાગરા કરીને ફુટબોલની મેચનો આનંદ માણી રહ્યા છે.

એક તરફ કાળની કારણે શાળા કોલેજોનું શિક્ષણ ઑનલાઈન ચાલી રહ્યું હોવાથી મોટાભાગના કિશોરો યુવાનો પોતાના ઘરમાં પુરાયેલા છે, આવા સમયે યુરો કપ તેમના માટે રમત ગમતનો આનંદ ઉઠાવવા માટે આશીર્વાદ સમાન સાબિત થઈ રહ્યો છે. યુરોપમાં રમાતી આ ટુર્નામેન્ટમાં ભારતીય સમય અનુસાર તેની કેટલીક મેચો મોડી રાત્રે ત્રણ વાગ્યા પછી પ્રસારિત થતી હોવાથી તેને નિહાળવા માટે યુવાનો રાતભરના ઉજાગરા કરતા પણ અચકાતા નથી તેમજ પોતપોતાની ફેવરીટ ટીમને અથવા ખેલાડીને સપોર્ટ કરવા માટે પોતાના સોશિયલ મીડિયા ઉપર તેના પોસ્ટર્સ અને ફોટોગ્રાફ સાથે સ્ટેટસ પણ અપલોડ કરી રહ્યાં છે.

# શ્રી પરશુરામ ઈન્ટરનેશનલના જિલ્લા ઉપાધ્યક્ષ પદે હિમાંશુ ભચેચની નિમણુંક

ગાંધીનગર તા.૩૦

બ્રહ્મબંધુઓની સર્વોચ્ચ ગણાતી આંતરરાષ્ટ્રીય સંસ્થા શ્રી



પરશુરામ ઈન્ટરનેશનલના ગુજરાત પ્રદેશ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના ઉપાધ્યક્ષ પદે હિમાંશુ ભચેચની નિમણુંક કરવામાં આવી છે. હિમાંશુ ભચેચ નગરના જાણીતા સમાજ સેવક, કલાકાર ઉપરાંત પ્રદેશ ભાજપના અગ્રણી નેતા હોવા સાથે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના જનસંપર્ક મહામંત્રી છે તેમજ શહેરની અનેકવિધ સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. આ ઉપરાંત તેઓ પત્રકાર હોવાની સાથે કેન્દ્ર સરકારની ઉપભોક્તા અધિકાર સંગઠનના રાજ્ય ઉપપ્રમુખ તરીકે સેવા આપી રહ્યાં છે.

# ચ-૩ સર્કલ પાસે સાવરણી બનાવીને ગુજરાન ચલાવતો મહેનતકશ પરિવાર

ગાંધીનગર, તા. ૩૦

દરરોજ સવારે ઘરના કામકાજની શરૂઆત ઘરનો કચરો વાળવાથી થાય છે. આ 'સંજવાળી' કાઢવા માટે વપરાતી સાવરણી કોણ બનાવે છે, ક્યાંથી તેમાં વપરાતો માલ-સામાન આવે છે તેના તરફ ભાગ્યે જ આપણુ ધ્યાન જાય છે. શહેરના ચ-૩ સર્કલ નજીક સેક્ટર-૧૧ના ખુણે એક પરિવાર 'સાવરણી' બનાવે છે અને શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીને તેનુ વેચાણ કરી પોતાનુ ગુજરાન ચલાવે છે. છેક સૌરાષ્ટ્રનાં વતની એવો આ દેવીપૂજક પરિવાર સાવરણી અને ઈંઢોળી બનાવવાના વ્યવસાય સાથે પેઢીઓથી જોડાયેલો છે.



ટ્રાફિકથી ધમધમતા ચ-૩ સર્કલ પાસે છેલ્લા કેટલાક મહિનાઓથી એક દેવીપૂજક પરિવારે ધામા નાંખ્યા છે. ખુલ્લા આકાશ નીચે રહેતો આ પરિવાર આપણા ઘરે દરરોજ ઉપયોગમાં લેવાતી સાવરણી બનાવે છે. આ પરિવારના યુવાન બટુકભાઈ કહે છે કે અમદાવાદથી સાવરણી બનાવવા માટેનુ ખાસ 'સિક્કમ ઘાસ અને 'આસામ ઘાસ' લાવવામાં આવે છે. લગભગ ૫૦ કિલોનો એક ભારો ૮૦૦૦ થી ૯૦૦૦ રૂ.નો આવે છે. એક ઘાસની ભારીમાંથી ૩૦૦ થી ૩૫૦ જેટલી સાવરણી બની જાય છે. અમને અહીં પરિવારના ચાર સભ્યો છીએ. પરિવારના સભ્યો એક દિવસમાં ૧૨૦ થી ૧૫૦ જેટલી સાવરણી બનાવે છે અને આસપાસના વિસ્તારોમાં ફેરી કરીને વેચે છે.

ચ-૩ સર્કલ નજીક જ ઝુંપડુ બનાવીને રહેતો આ પરિવાર મૂળ રાજકોટ જિલ્લાનો છે. તેમનો પરિવાર વર્ષોથી સાવરણી અને ઈંઢોળી બનાવવાના વ્યવસાય સાથે સંકળાયેલો છે. ૨૦ રૂ. થી લઈને ૫૦ રૂ. સુધીની સાવરણી તેઓ વેચે છે. જો કોઈ ખાસ ઓર્ડર હોય તો વધુ વજનવાળી ૧૦૦ રૂ. સુધીની સાવરણી તેઓ બાંધી આપે છે. પેથાપુર અને આસપાસના કેટલાક ગામોમાં પણ તેઓના પરિવારના અન્ય સભ્યો સાવરણી વાળી આપે છે. અહીં હમણાં તેમનો વ્યવસાય સારો ચાલી રહ્યો છે. વ્યવસાયમાં મંદી આવશે તો તેઓ બીજા ગામમાં જઈને પોતાનો ડેરો જમાવશે. સતત ફરતો રહેતો આ પરિવાર મહેનતકશ જીવનનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

# શેરથા કટ પાસે અજાણી કારના ચાલકે ટક્કર મારતા વૃધ્ધાનુ મૃત્યુ

## માર્ગ ક્રોસ કરી રહેલા વૃધ્ધા તેમજ બાઈક ચાલકને કાર ચાલકે અડફેટે લીધા

ગાંધીનગર, તા.૩૦

અડાલજ-મહેસાણા હાઈ વે પર શેરથા કટ પાસે ગતરોજ રાત્રીના સમયે કોઈ અજાણી કારના ચાલકે ચાલતા જતા મહિલા અને બાઈક ચાલકને અડફેટે લઈ કાર ચાલક નાસી છુટ્યો હતો. બનાવમાં ગંભીર રીતે ઘાયલ વૃધ્ધ મહિલાનું ઘટના સ્થળે જ મૃત્યું નિપજયું હતું.જયારે બાઈક ચાલકને પણ ઈજા પહોચી હોવાથી તેને પણ સારવાર માટે ખસેડાયો હતો. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અડાલજ નજીક આવેલા શેરથા ગામે રહેતા રમણજી પોપટજી ઠાકોર ખેત મજુરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે.તેમના પિતા પોપટજીનું એક દાયકા પહેલા અવસાન થયુ હતું. જયારે ૬૦ વર્ષિય માતા કાંતાબેન દિકરા રમણજી સાથે રહેતા હતા. ગતરોજ રાત્રીના સમયે કાંતાબેન તેમજ તેમના પરિચિત શારદાબેન ઠાકોર ભજનમાં જવા માટે નીકળયા હતા. તે સમયે શેરથા કટ પાસે માર્ગ પર અકસ્માત થયાની જાણ થતા રમણજી પણ ત્યાં ગયા હતા. તે સમયે તેમની માતા કાન્તાબેન અને શારદાબેન ઈજા પામેલી હાલતમાં માર્ગ પર પડ્યા હતા. જયારે રમણજીના માતાથી સામાન્ય અંતરે બાઈક ચાલક પણ ગંભીર રીતે ઈજા પામેલી હાલતમાં રોડ પર પડ્યો હતો. રાત્રીના સમયે શેરથા કટ પાસે અકસ્માત થતા સ્થાનિક નાગરીકો તેમજ વાહન ચાલકો મોટીસંખ્યામાં એકત્ર થયા હતા. જયારે ઈજાગ્રસ્તોની સારવાર માટે ૧૦૮ ને કોલ કરતા તે પણ ઘટના સ્થળે આવી પહોંચીને કાંતાબેનને તપાસ કરતા મૃત જાહેર કર્યા હતા. જયારે શારદાબેનને શરીરે સામાન્ય ઈજા પહોંચી હતી. જયારે બાઈક ચાલકને ઈજા થઈ હોવાથી સારવાર માટે લઈ જવાયો હતો. જયારે શારદાબેનનો અકસ્માત અંગે પુછતા તેઓએ જણાવ્યું હતું કે શેરથા કટ પાસે તેઓ માર્ગ ઓળંગી રહ્યા હતા તે સમયે કોઈ અજાણી કારના ચાલકે તેઓને ટક્કર મારી નાસી ગયો હોવાનું રમણજીને જાણવા મળ્યું હતું. અડાલજ પોલીસ પણ બનાવ સ્થળે આવી પહોંચીને અજાણી કારના ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**Gandhinagar Dist.Co.op. Milk Producers Union Ltd**
Madhur Dairy, Sector-25 'K' Road, Gandhinagar-382024

**TENDER NOTICE**

Madhur Dairy(Gandhinagar D.C.M.P.U.Ltd) Intends to purchase ISI Alluminium Can with Lids (cap. 40 Ltrs) =150 Nos As per N.D.D.B. Specification. Tender Form Will be Available From Date of publishing Advertisement in the News paper up to Date : 08.07.2021 all working days between 10.00 AM. To 14.00 PM. The sealed Tender should reach our Office on or Before 08.07.2021 up to 16.00 PM The Tender Fee is Rs 1,000/(One Thousand Only, Non Refundable) The EMD is Rs-50,000/- (Fifty Thousand Only) D.D. Payable at Gandhinagar in the Name of Gandhinagar Dist.Co.Op.M.P.U.Ltd (Refundable). The Tender without EMD shall be Rejected. The Gandhinagar Miik Union reserve right to accept/reject any Tender without any reason what so ever it may be.

Sd/-
Managing Director